# ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટલે કન્યા પ્રાથમિક શાળામાં ગાઈડની વિદ્યાર્થીનીઓ દ્વારા વૃક્ષારોપણની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શાળાનાં આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીની બહેનો દ્વારા ૧૦૦ જેટલાં છોડવાઓનું આરોપણ કરાયું અને તેમનું જતન કરવાની જવાબદારી સ્કાઉટ ગાઈડની વિદ્યાર્થીની બહેનોએ સ્વીકારી. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓએ જીવનમાં વૃક્ષોનાં મહત્ત્વ અને તેમની જાળવણી અંગે વક્તવ્યો પણ આપ્યાં અને વૃક્ષ બચાવો વિષયનાં ગીતો પ્રસ્તુત કર્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન શિક્ષક સરિતાબેન ત્રિપાઠીએ કર્યું હતું.

# ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ખાતે અક્ષર સુધારણા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ખાતે તપોવનના નિવૃત્ત શિક્ષક રોહિતભાઈ જોશી દ્વારા અક્ષર સુધારણા અંગે એક સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાતી વિભાગ તથા ગ્રંથાલયના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં રોહિતભાઈએ સુંદર અક્ષર કઈ રીતે થઈ શકે એ વિશે વિદ્યાર્થીનીઓને વિગતે સમજ આપી હતી. ૫૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાના અક્ષર સુધારવા સંકલ્પ કર્યો હતો. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. હિના મહેતા, મુલાકાતી અધ્યાપક ઝંઝા પટેલ, ગ્રંથપાલ મયુરી પટેલ તથા વિદ્યાર્થીનીઓએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

### આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી ખાતે

# ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓ માટે મોટીવેશન અને ટીમવર્કના વર્કશૉપ



## થિયરીની સાથે-સાથે ઍક્ટીવિટીનો સહારો લઈને વિદ્યાર્થીઓને વિષયની વિશદ સમજ આપવામાં આવી

આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી, વિનસ, ભોંયણ રાઠોડ ખાતે બુધવારે ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓ માટે મોટીવેશન અને ટીમવર્કના વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપ અંતર્ગત વ્યવસાયમાં ટીમવર્કનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતુ તથા ઍન્જિનીયરિંગના વ્યવસાયમાં ટીમલીડરની લાક્ષણિકતાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને મોટીવેશનનું મહત્ત્વ અને તેના રસ્તા પણ સૂચવવામાં આવ્યા હતા. થિયરીની સાથે-સાથે ઍક્ટીવિટીનો સહારો લઈને વિદ્યાર્થીઓને વિષયની વિશદ સમજ આપવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



જયેન્દ્રભાઈ પરીખ
અગ્રણી સમાજસેવક
જુનિયર સિટિઝન કાઉન્સિલ
મો. ૯૪૦૯૫ 33313



જિગન સૂર્યકાન્ત બાગ્વે
મો. ૯૯૯૮૭ ૪૬૮૦૮



વેદકુમાર સચીનભાઈ દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬



વત્સલ એમ પટેલ
મો. ૯૮૭૯૮ ૧૨૧૧૧

# ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી યોજાઈ





ગાંધીનગર, તા. ૧૩

ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ગુજરાતી માધ્યમ ખાતે બાળકોની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાળકો ચૂંટણીપ્રક્રિયા તથા મતદાનનું મહત્ત્વ સમજે તેવા હેતુથી ધોરણ-૬થી ૯ના વર્ગ પ્રતિનિધિઓ તથા સામાન્ય પ્રતિનિધિઓની ચૂંટણી હાથ ધરવામાં આવી હતી. પ્રથમ બાળકોને સમગ્ર પ્રક્રિયા વિશે સમજ આપવામાં આવી હતી અને પછી તેમની વચ્ચે વિધિવત ચૂંટણી યોજવામાં આવી હતી.

ઉમેદવારીપત્રો તૈયાર કરવાથી માંડીને મતદાન સુધીની ચૂંટણીની તમામ પ્રક્રિયાઓ વિદ્યાર્થીઓના માધ્યમથી જ સંપન્ન કરાવવામાં આવી હતી. ચૂંટણી બાદ વર્ગ પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા વિદ્યાર્થીઓએ પોતાના પૈકી સામાન્ય પ્રતિનિધિઓને ચૂંટી કાઢ્યા હતા.

વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સમગ્ર પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો.

# ગાંધીનગર શહેરમાં આગામી રવિવારે ફોટોગ્રાફર્સ માટે ફોટોગ્રાફી વર્કશૉપ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ દ્વારા બનેલી સંસ્થા પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપ દ્વારા ફોટોગ્રાફર્સ માટે એક વર્કશૉપનું આયોજન આગામી રવિવાર, તા. ૧૭ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

સૅક્ટર-૧૯ જીમખાના ખાતે આ વર્કશૉપ યોજવામાં આવશે.

આ વર્કશૉપમાં મૅચ્યોર કે ઍમેચ્યોર કોઈપણ ફોટોગ્રાફર્સ ભાગ લઈ શકે છે. અલબત્ત, વર્કશૉપમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન કરાવવા માટે મોબાઈલ નંબર ૯૮૨૪૨ ૬૦૨૮૬ અથવા ૯૮૨૪૨ ૪૮૦૦૧ના માધ્યમથી સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે, એમ જણાવતાં સંસ્થા દ્વારા સદર વર્કશૉપ જાણીતા સિનેમેટોગ્રાફર જોધસિંહ પાબલા દ્વારા સંચાલિત કરવામાં આવશે એમ જણાવવામાં આવ્યું છે.

# મહર્ષિ અત્રિ વિદ્યાલય ખાતે વિશ્વ વસતી દિવસની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા. ૧૩

મહર્ષિ અત્રિ વિદ્યાલય ખાતે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં વિશ્વ વસતી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં આ ઉજવણીમાં ભાગ લીધો હતો.

'વસતી વધારો એ સમસ્યા છે કે ફાયદો' એ વિષય પર વિદ્યાર્થીઓની વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના સંચાલક ભરતભાઈ ઠુંમર તથા આચાર્ય ભરતસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે શાળાના શિક્ષક પ્રકાશભાઈ પટેલ અને અજયભાઈ જાદવે પોતાની સેવાઓ આપી હતી. વિજેતા વિદ્યાર્થીઓને આરોગ્ય ખાતા તરફથી ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ધોરણ-૯ના જયમીન મહેન્દ્રભાઈપ પ્રજાપતિ પ્રથમ, દિગ્વિજયસિંહ કમલેશભાઈ જાદવ દ્વિતિય અને ધોરણ-૭ના દીર્ઘ રિતેશભાઈ પટેલ તૃતિય સ્થાને વિજેતા બન્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
સુલતાન ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
સુલતાન ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દાવ થઈ ગયો યાર ૧૨.૩૦, ૩.૦૦
સુલતાન ૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦
૬.૩૦, ૧૦.૦૦

### તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા

# વિશ્વ જનસ્થિરતા પખવાડીયા અંતર્ગત શિબિર



ગાંધીનગર, તા. ૧૩

વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસ અને પ્રા.આ.કેન્દ્ર ગોરૈયા ના સંયુકત ઉપક્રમે વિશ્વ જનસ્થિરતા પખવાડીયાની ઉજવણી અંતર્ગત ગોરૈયા ખાતે ગૂરુ શિબર તથા ડુમાણા ગામમાં લઘુ શિબીરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ સહિતના ગ્રામજનો ઉપસ્થીત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, ડીઆઈઈસીઓ ચન્દ્રીકા પટણી, મેડીકલ ઓફિસર ડો.સંગીતા પટણી, ડેપ્યુટી ડીઆઈઈસીઓ વિજય પંડિત, ડૉ.દિપ્તી જોષી, ટીઆઈઈસીઓ એસ.એલ.ભગોરા, તાલુકા સુપરવાઈઝર કે.એમ.મકવાણા, નીલકંઠ વાસુકીયા, જયેશ પાવરા સહિત આશા બહેનોએ જહેમત ઉઠાવી હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, વિશ્વ જનસ્થિરતા પખવાડિયા માટે " જવાબદારી નિભાઓ, પ્લાન બનાઓ" સુત્ર આપવામાં આવ્યુ છે. અમદાવાદ જિલ્લાના વસ્તી નિયંત્રણ ધ્યેયને સાર્થક કરવા જિલ્લા વિકાસ અધિકારી ભાર્ગવી દવે તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા યાદવ દ્વારા જિલ્લાના લક્ષિત દંપતિઓને પત્ર લખવામાં આવ્યો છે. હાલના સંજોગોમાં દરેક બાળકને ગુણવત્તા સભર જીવન પુરૂ પાડવા માટે નાણાંકીય તથા પારિવારિક સમયબધ્ધ આયોજન ખુબ જ જરૂરી છે. બાળકનો ઉત્તમ ઉછેર માત પિતાની કાળજી ભરી માવજત માંગી લે છે. જેથી દરેક દંપતિએ પોતાના બાળકના વિકાસ તથા ઉજજવળ ભવિષ્ય માટે સમયબધ્ધ આયોજન કરવું ખુબ જ જરૂરી બને છે. વસ્તી નિયંત્રણએ હાલના સંજોગોમાં તાતી જરૂરીયાત છે. વધતિ જતી વસ્તીને નિયંત્રણમાં રાખવા માટે દરેક લક્ષીત દંપતિ કુટુંબ નિયોજન આપનાવે તે ખુબ જ જરૂર છે. કુટુંબ નિયોજન માટેની તમામ સુવીધાઓ વિરમગામ તાલુકા સહિત અમદાવાદ જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ છે.

### ખાલી બેઠકોની સંખ્યા ૩૦ હજાર જેટલી

# ડિગ્રી ઍન્જિનીયરિંગમાં ઍડમિશન માટે આજથી બીજા રાઉન્ડનો આરંભ

## ૩૯ હજાર વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી પણ ફી ૨૭ હજા જેટલા વિદ્યાર્થીઓએ જ ભરી

ગાંધીનગર, તા. ૧૩

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે પહેલા રાઉન્ડમાં ૩૯ હજાર વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરવામાં આવી છે. જે વિદ્યાર્થીઓને કોલેજ મળી હોય તેમને ફી ભરવા માટે તા.૧૧મી સુધીની મુદત આપવામાં આવી હતી. સોમવારે સાંજે ૮ વાગ્યા સુધીમાં ૨૬,૯૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ફી ભરી દીધી હતી. જેના કારણે ડિગ્રી ઈજનેરીની પહેલા રાઉન્ડમાં જ ૩૦ હજારથી વધાર બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

ડિગ્રી ઈજનેરીની કુલ ૬૬ હજાર જેટલી બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જેમાં ૩૯ હજાર વિદ્યાર્થીઓએ ચોઈસ ફિલિંગ કરતાં આ તમામને કોલેજો ફાળવી આપવામાં આવી હતી. આમ, કોલેજ ફાળવણી થઈ તે પહેલા જ અંદાજે ૧૯ હજાર જેટલી બેઠકો ખાલી પડી હતી. હવે કોલેજ ફાળવણી કર્યા પછી જેટલા વિદ્યાર્થીઓને કોલેજ મળી તે પૈકી માત્ર ૨૬૯૦૦ વિદ્યાર્થીઓએ ફી ભરી છે. રાત્રે ૧૨ વાગ્યા સુધી ફી ભરવાની મુદત આપવામાં આવી હતી. આ મુદત સુધીમાં ૨૭થી ૨૮ હજાર જેટલા વિદ્યાર્થીઓ ફી ભરે તેવી શકયતા જોવામાં આવી રહી હતી. આ સ્થિતિમાં ૧૨ હજાર જેટલી બેઠકો હવે ખાલી પડી છે. આમ, બન્ને મળીને ૩૦ હજાર બેઠકો ખાલી પડી છે. પહેલા રાઉન્ડમાં જ આટલી મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડતાં આગામી દિવસોમાં ખાલી બેઠકોનો આંકડો અંદાજે ૩૫ હજાર સુધી પહોંચે તેવી શકયતા ઊભી થઈ છે. નોંધનીય છે કે પહેલા રાઉન્ડમાં હાયર મેરિટ ધરાવતાં વિદ્યાર્થીઓએ ફી ભરવાનું ટાળ્યું હોવાની શકયતા છે. જેના કારણે હવે અગાઉ વિદ્યાર્થીઓને જયાં પ્રવેશ મળ્યો હતો તેના કરતાં આગળ તક મળે તેવી શકયતા છે.

તા. ૧૪મીથી ૨૪ દરમિયાન બીજા રાઉન્ડ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. સૂત્રો કહે છે હાયર મેરિટ ધરાવતી બેઠકો ખાલી પડવાના કારણે હવે અગાઉ પ્રવેશ લેનારા તમામ વિદ્યાર્થીઓ હાયર મેરિટ તરફ આગળ વધશે.

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

## 'મારી સ્નેહાળ સખી'